# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
## જૂનાગઢ વન વિભાગ,
## સરદારબાગ, જૂનાગઢ

ફો નં.– ૦૨૮૫–૨૬૩૧૧૮૨ ફેક્ષ નં.– ૦૨૮૫–૨૬૩૫૫૮૨
E- mail :- dcfjun@gmail.com/dcf-jcir jun@gujarat.gov.in


स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

ક્રમાંક :- જમન /ટે.૧૪/અ/ ૫૬૬૯-૬૨/૨૦૧૯-૨૦ તા. ૧૨/૦૨/૨૦૨૦

પ્રતિ,
મુખ્ય વન સંરક્ષકશ્રી
જુનાગઢ વન વર્તુળ,
જુનાગઢ.

વિષય:- વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અન્વયેની વન જમીનની માંગણીની દરખાસ્તોની સમીક્ષા બાબત.

સંદર્ભ:- (૧) આપ સાહેબશ્રીની કચેરીના પત્રાંકઃ- બ/જમન/ટે.૧૨/૫૧૭૦-૭૪/૨૦૧૯-૨૦ તા.૨૯/૮/૧૯.
(૨) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.૧૪/અ/૩૨૫૩/૨૦૧૯-૨૦ તા. ૯/૦૯/૨૦૧૯.
(૩) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.૧૪/બ/૫૧૯૬/૨૦૧૯-૨૦ તા. ૯/૦૯/૨૦૧૯.
(૪) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.૧૪/બ/૫૯૮૭/૨૦૧૯-૨૦ તા. ૩/૧૦/૨૦૧૯.
(૫) અત્રેના પત્રાંકઃ- જમન/ટે.૧૪/બ/૭૬૪૨/૨૦૧૯-૨૦ તા. ૧૯/૧૧/૨૦૧૯.

સાદર ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપના સંદર્ભ પત્ર-૧થી આપવામાં આવેલ સુચના મુજબ અત્રેના વન વિભાગ હેઠળ વન સંરક્ષણ ધારા-૧૯૮૦ અન્વયે જુદી-જુદી યુઝર એજન્સીઓ દ્વારા અલગ-અલગ હેતુ માટે માંગણી કરવામાં આવેલ ૨૨ દરખાસ્ત અત્રેના ઓનલાઇન પોર્ટલ પર જોવા મળેલ છે.

સદરહુ અત્રેના ઓનલાઇન પોર્ટલ પર જોવા મળતી દરખાસ્તો પૈકી નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢના કક્ષાએ હાલ એક પણ દરખાસ્ત પેન્ડીંગ નથી. જયારે ૪ દરખાસ્ત યુઝર એજન્સી કક્ષાએ પેન્ડીંગ છે. તેમાંથી ૨ દરખાસ્ત નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથને લગત હોય તેમને પત્ર લખીને તથા ટેલીફોનીક પણ જાણ કરવામાં આવેલ છે. તથા ૧ દરખાસ્ત નાયબ વન સંરક્ષકશ્રી, ગીર પશ્ચિમ વિભાગ, જુનાગઢને લગત હોય તેમને પણ પત્ર લખીને જાણ કરવામાં આવેલ છે. તેમજ સદરહુ ૨૨ દરખાસ્ત પૈકી ૧૨ દરખાસ્ત ડ્રાફ કક્ષાએ પેન્ડીંગ બતાવે છે. જેમાં અમુક યુઝર એજન્સીઓ દરખાસ્તને આગળ વધારવા ઇચ્છતી ન હોય તેમને અત્રેથી પત્ર લખી દરખાસ્ત આગળ ન વધારવાનું કારણ દર્શાવી વિથ-ડ્રો કરવા માટે જણાવવામાં આવેલ છે. તેમજ અમુક દરખાસ્તમાં જયા યુઝર એજન્સીને મુશ્કેલી પડતી હોય તેમને અત્રેથી સબંધિત ટેબલ ધારક દ્વારા જરુરી મદદ કરવા માટે પણ જણાવેલ હતુ. જેથી ઉપરોકત પેન્ડીંગ દરખાસ્તની આગળની કાર્યવાહી સમય મર્યાદામાં થઇ શકે. જે અત્રેના સંદર્ભ પત્ર-૨ થી આપને જાણ કરવામાં આવેલ હતુ. (જેની નકલ આ સહ સામેલ છે.) તેમજ ઉકત યુઝર એજન્સી કક્ષાએ પેન્ડીંગ દરખાસ્ત પૈકી ૨ દરખાસ્ત તથા ડ્રાફટ કક્ષાએ(યુઝર એજન્સી કક્ષાએ) પેન્ડીંગ દરખાસ્ત પૈકી ૨ દરખાસ્ત નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથને લગત હોય અત્રેના સંદર્ભ પત્ર-૩ થી ૫ દ્વારા તેમને જાણ કરવામાં આવેલ છે. (જેની નકલ આ સહ સામેલ છે.) તેમજ અત્રેથી ઓનલાઇન પોર્ટલ પર સીલેકટ કરેકટ ડીવીઝનની કવેરી કાઢી યુઝર એજન્સીને જણાવવામાં આવેલ છે. તેથી સદરહુ દરખાસ્તની આગળની કાર્યવાહી અત્રેથી થઇ શકે નહી. જે આપ સાહેબશ્રીને વિદીત થવા વિનંતી છે.

સામેલ:- ઉપર મુજબ.

નાયબ વન સંરક્ષક
જુનાગઢ વન વિભાગ જુનાગઢ

નકલ સવિનય રવાના:- નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ, ગીર સોમનાથ તરફ અત્રેના સંદર્ભ પત્ર-૩ થી ૫ અન્વયે સદરહુ દરખાસ્ત બાબતે યુઝર એજન્સીને જરુરી જાણ કરી આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા જણાવવા માં આવેલ હતુ. તેમ છતા યુઝર એજન્સી દ્વારા વારંવાર અત્રેનું ડીવીઝન સીલેકટ કરી ઓનલાઇન પોર્ટલ પર અપલોડ કરવામાં આવે છે. જે બીલકુલ યોગ્ય નથી. જેથી આપની કક્ષાએથી યુઝર એજન્સીને યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવા વિનંતી છે. જેથી સદરહુ દરખાસ્તની કાર્યવાહી સમયમર્યાદામાં પુર્ણ થઇ શકે અને ઉપલી સત્તાએ સાદર થઇ શકે. તેમજ સદરહુ દરખાસ્ત આપના કાર્યક્ષેત્ર હેઠળની હોય તેમજ તે અંગેનું જરુરી રેકર્ડ પણ આપની કક્ષાએ ઉપલબ્ધ હોય તેથી સદરહુ દરખાસ્તની આગળની કાર્યવાહી આપની કક્ષાએથી કરવા વિનંતી છે.



Scanned by CamScanner